**એમ.એ.સી.પી.નં.પર૭/૨૦૨૪ ના કામે આંક–૧ નીચે હુકમ**

(૧) આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજની નેશનલ લોક અદાલતમાં પક્ષકારોએ **આંક : ૧૫** થી સમાધાન પુરસીસ રજુ કરી છે અને તે સમાધાન પુરસીસ મુજબ સદર કામે **રૂા.૪,૭૫,૦૦૦/–** ( અંકે રૂપિયા ચાર લાખ પંચોતેર હજાર પુરા) એવોર્ડ કરી આપવા પુરસીસથી જાહેર કરેલ છે તે પુરસીસના આધારે સદર અરજી સમાધાનથી ફેસલ કરવામાં આવે છે.

(૨) સમાધાન પુરસીસમાં જણાવેલ રકમ સામાવાળાઓ/વીમા કંપની એટલે કે **સામાવાળા નં.૩** નાએ આ હુકમથી ૩૦ દિવસમાં પૈસા **BANK OF BARODA, MAIN BRANCH, NADIAD A/C. No.02900200000658 IFSC; BARB0NADIAD** માં **RTGS કે NEFT** મારફતે જમા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામ નેશનલ લોક અદાલતમાં સમાધાનથી ફેંસલ થયેલ હોઈ કાયદાકીય જોગવાઈ મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ કાપવાનો હુકમ કરવામાં આવતો નથી.

(૪) **એવોર્ડની રકમના ૫૦% રકમ** અરજદારના ખાતામાં RTGS કે NEFT મારફતે જમા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે **તથા ૫૦% રકમ પાંચ વર્ષ માટે અરજદાર ઈચ્છે તેવી નેશનલાઈઝ બેંકમાં ફીકસ ડીપોઝીટ તરીકે મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

(૫) અરજદાર કોર્ટની પરવાનગી વગર ફીકસ ડીપોઝીટની રકમ પાકતી તારીખ પહેલા ઉપાડી શકશે નહીં તેમજ તે ફીકસ ડીપોઝીટની રકમ પર કોઈપણ જાતનો બોજો કરી શકશે નહીં કે લોન લઈ શકશે નહીં.

(૬) અરજદાર બેંકમાં મુકેલી ફીકસ ડીપોઝીટની રકમ ઉપરનું પીરીયોડીકલ વ્યાજ ઉપાડી શકશે.

(૭) **આંક :૧૫** ની સમાધાન પુરસીસ મુજબ એવોર્ડ દોરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ચૌદમી, માહે :માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.**૧૪.૦૩.૨૦૨૬**
સ્થળ:– નડીયાદ.

**(નેશનલ લોક અદાલત)**

**(મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ )**
એમ.એ.સી.ટી.(ઓકઝી.) અને
ચોથા અધિક ડીસ્ટ્રીકટ જજ, નડીઆદ.
(જયુડી કોડ નં. જી.જે ૦૦૭૫૪)